અપીલ અરજી નં.૨૮૯ તા .૨૩–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૩–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પ્લોટ નં. ૯૧,૯૨,૯૩ જલારામ સોસાયટી,હરીનગર–૨ની પાછળ શિવનગરની બાજુમાં ઉધના સુરત (બાંધકામ ચાલુ છે) વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી. ઉપરોકત તમામ સ્થળ સ્પષ્ટતા સાથે જ વર્ણવેલા છે જેથી સંપૂર્ણ માહિતી સમય મર્યાદામાં જ આપવી તથા વિકાસ પરવાનગી ન આપવામાં આવેલ હોય તો જે તે જવાબદાર અધિકારીના નામ સહિત તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સાથે માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૯/૨૦૧૧–૧૨

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૩–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પ્લોટ નં. ૯૧,૯૨,૯૩ જલારામ સોસાયટી,હરીનગર–૨ની પાછળ શિવનગરની બાજુમાં ઉધના સુરત (બાંધકામ ચાલુ છે) વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી. ઉપરોકત તમામ સ્થળ સ્પષ્ટતા સાથે જ વર્ણવેલા છે જેથી સંપૂર્ણ માહિતી સમય મર્યાદામાં જ આપવી તથા વિકાસ પરવાનગી ન આપવામાં આવેલ હોય તો જે તે જવાબદાર અધિકારીના નામ સહિત તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સાથે માહિતી આપવા બાબતે બન્નેમાંથી એકપણ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા કોઈ નિર્ણય કે માહિતી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સા.ઝોન(ઉધના)ના જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧ અને ૨ સ્પર્શે છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા તેમજ બન્ને જાહેર માહિતી અધિકારીને માહિતી બાબતે દફતરી હકીકત જણાવવા તથા ડીસ્પ્લેની વિગતે હકીકત જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૯ તા.૪–૧૦–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૭૧૬ તા.૩–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે બન્નેમાંથી એકપણ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા કોઈ નિર્ણય કે માહિતી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૩–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) પ્લોટ નં. ૯૧,૯૨,૯૩ જલારામ સોસાયટી , હરીનગર–૨ ની પાછળ શિવનગરની બાજુમાં ઉધના સુરત (બાંધકામ ચાલુ છે). મુદ્દા નં.(૨) રોડ નં.૧ જગદંબા ડાઈગ મીલની બાજુમાં ત્રણ જગ્યા પર ભવ્ય બાંધકામ ચાલુ છે. મુદ્દા નં.(૩) નારાયણ ઈન્ડ. સોસા. લીંબાયતઝોન ખાડી પુલ પાસ સાત જેટલા બાંધકામ ચાલુ છે સદર તમામ સ્થળ સ્પષ્ટતા સાથે વર્ણવેલ છે જેની સંપૂર્ણ માહિતી સમય મર્યાદામાં આપવી તથા વિકાસ પરવાનગી ન આપવમાં આવેલ હોય તો જે તે જવાબદાર અધિકારીના નામ સહિત તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી માહિતીની માંગણી કરેલ. જેના અનુસંધાને બંને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પ્રત્યુત્તર મળેલ હોવાનું જણાતું નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને મુદ્દા નં.૧ અને ૨ સ્પર્શે છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવા જણાવેલ પરંતુ તે અંગે તેના અનુસંધાને કોઈ સ્પષ્ટતા કે દફતરી હકીકત જણાવેલ નથી જે જણાવવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ,